**બેચરસ્વામી અતિ પછાતજાતિ વિકાસ બોર્ડ**
**સને.૨૦૧૩-૧૪ માટેની વહીવટી ગ્રાન્ટની**
**મંજુરી આપવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
**ઠરાવ ક્રમાંકઃ-અપબ/૧૩૧૨/૨૩૪૭૨૨/જ**
સચિવાલય,ગાંધીનગર.
તારીખ :- ૪/૬/૨૦૧૩

**વંચાણે લીધા :-**

**(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૧/૫/૧૨ના ઠરાવ ક્રમાંકઃ અપબ/૧૩૧૧/ બોર્ડનું નિગમમાં રૂપાંતર/જ**

**(૨) બેચરસ્વામી અતિપછાત જાતિ વિકાસ બોર્ડના તા.૨૩/૫/૧૩નો પત્ર ક્રમાંકઃ- બે.સ્વા.અ.પ.જા.વિ/૧૩/૧૦૫૫-૫૬.**

**ઠરાવ :-**

બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ,ગાંધીનગર માટે વહીવટી ગ્રાન્ટ માટે વર્ષ.૨૦૧૩-૧૪માં રૂ.૨૫/- લાખની ( અંકે રૂપિયા પચીસ લાખ પુરા) આયોજન સદરે ચાલુ બાબત તરીકે બજેટ જોગવાઈ થયેલ છે.

બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ માટે ચાલુ વર્ષ.૨૦૧૩-૧૪માં થયેલ રૂ.૨૫/-લાખની (અંકે રૂપિયા પચીસ લાખ) ની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.આમુખ ક્રમાંક (૨) મુજબ તા.૨૩/૫/૧૩ના પત્રથી બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડના વહીવટી ખર્ચને પહોંચી વળવા માટે તેઓએ રૂ.૨૫/- લાખની (અંકે રૂપિયા પચીસ લાખ) વહીવટી ગ્રાન્ટ છુટી કરવા માટે દરખાસ્ત કરેલ છે.બોર્ડના અધિકારી/કર્મચારીઓના પગાર ભથ્થા તથા કન્ટીજન્સી ખર્ચને પહોંચી વળવા માટે થયેલ જોગવાઈ રૂ.૨૫/-લાખની (અંકે રૂપિયા પચીસ લાખ) પૈકી પ્રથમ તબકકે રૂ.૧૦/- લાખની વહીવટી ગ્રાન્ટ ફાળવવાની નીચે મુજબની શરતે આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

સને.૨૦૧૩-૧૪માં કરવામાં આવેલ ખર્ચની માસવાર વિગતવાર વિગતો પત્રક સ્વરૂપે અલગથી રજુ કરવાના રહેશે.

આ અંગે થનાર ખર્ચ વર્ષ.૨૦૧૩-૧૪ના બજેટ સદર માંગણી નંબર-૯૫ સેકટર (ખ) સામાજીક સેવાઓ મુખ્ય સદર-૨૨૨૫-અનુસૂચિત જાતિ,અનુસુચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ,પેટા મુખ્ય સદર-૦૧, અનુસુચિત જાતિઓનું કલ્યાણ,ગૌણ સદર-૧૯૦ જાહેરક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં મુડી રોકાણ,પેટા સખર (૩) બીસીકે-૪૧,અનુસુચિત જાતિ માટેની ખાસ અંગભૂત યોજના-બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી (સા.ન્યા) ની તા.૩૦/૫/૧૩ થી મળેલ સમંતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,**

(કે.આર.મહેતા)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી,(સા.ન્યાય)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા),નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,૪/ર,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજય, ગાંધીનગર.
- સચિવશ્રી,બેચર સ્વામી અતિ પછાત જાતિ વિકાસ બોર્ડ,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર
- બજેટ શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- પસંદગી ફાઈલ.

RAJ32-289-290